ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૫ ટકા

# ગાંધીનગરના આંગણે વિસરાતા સૂરનો અનેરો કાર્યક્રમ









ગાંધીનગર, તા.૨૫

શ્રી એમ.પી. ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટના સુત્રધાર શ્રી મણીભાઇ ચૌધરી તથા શ્રીમતી કમળાબેનને ૭૫ વર્ષ પુર્ણ થવાના અવસરે આંજણા-ચૌધરી સમાજની યુવાપેઢી વિરલ વારસાને વિસરે નહી તે ઉમદા આશયથી વિસરાતા સૂરના અનેરા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના આંગણે યોજાયેલ વિસરાતા સૂર કાર્યક્રમમાં સમાજમાં પ્રસંગોપાત ગવાતાં ગીતો, ગરબા, જન્માષ્ટમી, ગ્રામદેવતા, વર્ષા વધામણા અને મરણ સમયના ગીતોની સ્પર્ધા યોજાઇ હતી. આ કાર્યક્રમને જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા અને સાહિત્યકાર શ્રી ડૉ. રઘુવીરભાઇ ચૌધરીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા અને સાહિત્યકાર શ્રી ડૉ. રઘુવીરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, દિવ્ય વર્તમાન અને નવ્ય ભવિષ્ય ભવ્ય ભૂતકાળને આભારી છે. છેલ્લા થોડાક સમયથી સમાજમાં પ્રસંગોપાત ગવાતાં ગીતો અને સમૂહ ગીતોનું પ્રમાણ ઘટતું જાય છે. શ્રી એમ.પી.ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ ઉમદા કાર્યક્રમનું આયોજન કરીને આજની યુવાપેઢીને તેમની સંસ્કૃતિથી પરિચિત કરવા સાથે આવનારી પેઢી માટે પોતાના વારસાની પરંપરા જણાવા માટે આજનો કાર્યક્રમ ઉપયોગી બની રહેશે. તેમણે આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ સર્વે ટ્રસ્ટી મંડળના સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

આજના આ કાર્યક્રમમાં વિસનગર, પાલનપુર, પાટણ અને ઇડર એમ ચાર ઝોનમાં યોજાયેલી સ્પર્ધામાં વિજેતા ટીમ વચ્ચે ફાઇનલ સ્પર્ધા યોજાઇ હતી. આ કાર્યક્રમમાં લગ્નગીત, જન્માષ્ટમી-ગૌરીવ્રત, ગ્રામ દેવતા-વર્ષાના વધામણા, રાસ-ગરબા અને મરશિયાના ગીતોની સ્પર્ધા યોજાઇ હતી. જેમાં લગ્ન ગીત કાર્યક્રમમાં પ્રથમ નંબરે મીનાબેન ચૌધરી અને ગ્રૂપ (બ્રાહ્મણવાડા) ની ટીમ વિજેતા બની હતી. જન્માષ્ટમી-ગૌરીવ્રતની ગીત સ્પર્ધામાં ભાવનાબેન ચૌધરી અને ગ્રૂપ (બોરનવાડા)ની ટીમ, ગ્રામ દેવતા – વર્ષાના વધામણા ગીતમાં સુરેખાબેન ચૌધરી અને ગ્રૂપ (કડિયાદરા) ની ટીમ, રાસ-ગરબામાં ૨૫ વર્ષથી ઉપરના વિભાગમાં ટીમમાં સુધાબેન અને ગ્રૂપ(દઢિયાળ) અને ૨૫ વર્ષથી નીચેના વિભાગમાં આદર્શ વિદ્યાલય (વિસનગર)ની ટીમ વિજેતા બની હતી. સમગ્ર સમાજમાં સૌથી વધુ ધ્યાન કર્ષિત બનેલ મરશિયાના ગીતોની સ્પર્ધામાં ધનીબેન ચૌધરી અને ગ્રૂપની ટીમ વિજેતા બની હતી. આ તમામ ટીમોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા શ્રી ડૉ. રઘુવીર ચૌધરી અને તેમના ધર્મપત્નીએ શ્રી એમ.પી.ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટના સૂત્રધાર શ્રી મણિભાઇ ચૌધરી અને કમળાબેન ચૌધરીનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. સમગ્ર સમાજે પણ શ્રી મણિભાઇ ચૌધરી અને કમળાબેનનું સન્માન કર્યું હતું. સમ્રગ કાર્યક્રમના ભોજન દાતા શ્રી રમેશભાઇ બી. ચૌધરી હતા.

કાર્યક્રમના આરંભે ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી શંકરભાઇ ચૌધરીએ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.

આ કાર્યક્રમમાં શિકાગો ચૌધરી સમાજના પ્રમુખ શ્રીમતી સંગીતા કિરણ ચૌધરી, ગુજરાત પવિત્ર યાત્રાધામ બોર્ડના સભ્ય સચિવ શ્રી કિરીટ અધ્વર્યુ, પ્રમુખ ગ્રૂપના શ્રી કનુભાઇ ચૌધરી, ટ્રસ્ટના ટ્રસ્ટીગણ અને સમાજના ભાઇ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## @ગાંધીનગર

● સાહિત્ય સભા દ્વારા પરણેતરની પ્રીત પુસ્તકનું વિમોચન સવારે ૯.૩૦ કલાકે બાબા સાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાશે.

● ગુજરાત ક્રિકેટ એસોસીએશન દ્વારા અન્ડર ૧૬ અને ૧૯ના ખેલાડીઓ માટે ટેલેન્ટ સર્ચ સવારે ૭.૦૦ કલાકે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સે-૧૬ ખાતે કરાશે.

## વાતવાતમાં

● દિવસભરના અસહ્ય ઉકળાટને કારણે બપોરના સમયે રથયાત્રા જયાંથી પસાર થવાની હતી તે માર્ગ પર દર્શનાર્થીઓની સંખ્યા પાંખી રહી હતી. વળી રવિવારના કારણે વધુ ભીડ રહેશે તેવી અપેક્ષા સળંગ ત્રણ રજાઓમાં અનેક પરિવારો બહારગામ જતા રહેવાના પરિણામે ખોટી પડી હતી.

● સાંજના સમયે વરસાદી ઝાપટાં ના પગલે શહેરનું યુવા ધન સ્વર્ણિમ પાર્ક તરફ પલળવાનો આનંદ માણવા દોડયું હતું. પરંતુ વરસાદ થોડીવારમાં બંધ થઈ જતા તેમનો આનંદ અધૂરો રહેવા પામ્યો હતો. વરસાદી માહોલમાં માર્ગો પર બાઈક સ્કૂટર ચાલકો સ્લીપ થવાની ઘટનાઓ પણ જોવા મળી હતી.

# વાવોલમાં જલદર્શન એપાર્ટમેન્ટમાં તસ્કરોએ બે મકાનને ટાર્ગેટ બનાવ્યા

## એક મકાનમાંથી રૂ. ૧૨,૫૦૦ રોકડા અને બીજા મકાનમાંથી દાગીના તથા રોકડ મળી રૂ. ૩૫ હજારની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામના તળાવની સામે બિલકુલ રસ્તાને અડીને આવેલા જલદર્શન એપાર્ટમેન્ટમાં ગઈ રાત્રિ દરમિયાન તસ્કરો કળા કરી ગયા છતાં પોલીસને ખ્યાલ ન આવ્યો. રાત્રિ દરમિયાન આજુબાજુના બે બંધ મકાનોના દરવાજાના નકુચા તથા તાળા તોડી બંનેમાંથી અંદરથી રૂ. ૪૭,૫૦૦ની મત્તા સાફ કરી ગયા હોવાની ઘટના ધ્યાને આવી છે. સે-૭ પોલિસે એક મકાન માલિકની ફરિયાદમાં બંનેના ગુના સાથે દાખલ કરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ વાવોલ ગામના જલદર્શન એપાર્ટમેન્ટમાં રાત્રિ દરમિયાન બે બંધ મકાનોના તાળા તુટયા હતા. સેકટર-૧૩-બી પ્લોટ નં. ૯૯૫/૨ ખાતે રહેતા દિપાબેન લલીતચંદ્ર પાડલીયાના પિતા વાવોલ જલદર્શન એપાર્ટમેન્ટના મકાન નં. ૧૬ ખાતે રહે છે. ગઈ રાત્રે ૧૦થી સવારે ૭ વાગ્યાના અરસામાં જલદર્શનનું મકાન બંધ હતું તે દરમિયાન તસ્કરોએ તેમના મકાનના દરવાજાનો નકુચો અને તાળુ તોડી અંદરથી રૂ. ૧૨,૫૦૦ રોકડની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.તે ઉપરાંત તેમના પડોશમાં રહેતા મહેન્દ્રભાઈ મનાજી પ્રજાપતિના મકાનનું પણ તાળુ તુટેલું દેખાયું હતું. મહેન્દ્રભાઈ પરિવાર સાથે મુંબઈ ફરવા ગયા છે તેમના પિતાએ આવીને તપાસ કરી તો મકાનમાંથી સોનાની બુટ્ટી, ચેઈન અને રૂ. ૧૦ હજાર રોકડ મળી કુલ રૂ. ૩૫,૦૦૦ની ચોરી થઈ હોવાનું જણાવ્યું હુતં. સે-૭ પોલિસે દિપાબેનની ફરિયાદ લઈ બંનેના મકાનમાંથી રૂ. ૪૭,૫૦૦ની મત્તાની ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી પીએસઆઈ એસ.એમ. ચૌધરીએ તપાસ શરુ કરી છે.





ભારત વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા છેલ્લા પાંચ વર્ષથી ઘ-૨ થી સે-૭ શોપિંગ સેન્ટર સુધી સ્વચ્છતા અભિયાન યોજવામાં આવે છે. જેમાં રથયાત્રા પસાર થયા બાદ સમગ્ર માર્ગ પર તેમજ આસપાસમાં પડેલો કચરો વીણીને સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ ઝુંબેશમાં ભારત વિકાસ પરિષદના ૪૦થી વધુ સભ્યો હાજર રહ્યા હતા.





તાજેતરમાં જ 'ફાધર્સ ડે' વિશ્વભરમાં ઉજવાયો હતો પરંતુ આર.એન. પટેલ પ્રાથમિક શાળાના બાળકોએ તેમની વાલિમિટીંગ દરમિયાન ફાધર્સ ડેની પ્રેરણાત્મક ઉજવણી કરી હતી. જેમાં ધો-૨ના બાળકોએ પોતાના માતા-પિતાને કંકુ-ચાલ્લો કરી હાર પહેરાવી તેમની આરતી ઉતારવા સાથે પ્રદક્ષિણા પણ કરી હતી. માતા-પિતાની પ્રદક્ષિણા કરીને ગણેશજી કાર્તિકેય સામેની પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની શરત જીતી ગયા હતા તે પ્રસંગ આ ઉજવણી દરમિયાન તાદશ્ય થતો જણાયો હતો. આ કાર્યક્રમમાં ધો-૨ના બાળકોએ 'મેરે પાપા' ગીત પર મનોરમ્ય ડાન્સ પણ રજૂ કર્યો હતો. આ સાથે યશરાજ ડાભી, મેશ્વા પટેલ, જયમિન વાઘેલા, અંશ ચૌહાણ અને પ્રથમ સાલ્વી પિતાના મહત્વ અંગે હૃદયસ્પર્શી વકતવ્યો રજૂ કર્યા હતા. વાલી મિટીંગમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીઓને શાળાના નિયમો અને અભ્યાસ અંગે માહિતગાર કરાયા હતા. કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ પટેલ તથા અનિલાબેન માંકડે કર્યું હતું.

## રમઝાન-ઈદના પર્વ પર રાજયપાલશ્રીની શુભકામનાઓ

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ રાજયના મુસ્લિમ સમાજને પવિત્ર ઈદ-ઉલ-ફિત્રની હાર્દિક મુબારકબાદી પાઠવી છે. રાજયપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે ઈદનો તહેવાર સમાજ જીવનમાં શાંતિ, સદભાવ અને પરસ્પર ભાઈચારાને વધુ મજબુત બનાવશે તથા સૌના જીવનમાં સુખ-સમૃદ્ધિમાં વૃદ્ધિ કરશે.

## આઈ લવ માય ગાંધીનગર



**હાર્દિક મકવાણા**
**સંયોજક, નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર**

**ગાંધીનગર ગમે**
સતત પ્રવૃત્ત લોકો અને મનહર સુંદરતાને કારણે ગાંધીનગર શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**
જેમના માટે કંઈક કરી છૂટવાનું મન થાય એવા દેશપ્રેમ, સમાજપ્રેમ ધરાવતા નગરજનો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
અનેકવિધ સંસ્થાઓ ને વ્યક્તિઓ નગરમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે, જે સઘળી મને ગમે છે.

ખાસ કરીને કડી સર્વ વિશ્વ વિદ્યાલય, આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ, પ્રેરણા વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ, રેડક્રોસ, સાહિત્ય સભા, જી ઈ ક્લબ અને ગ્રો ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**
યુવા વર્ગને સર્જનાત્મક બાબતોમાં સક્રિય બનાવવામાં આવે તો નગરને બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**
સમાજોપયોગી સઘળા ઉપક્રમો માટે મારી સેવા નગરને આપવા હું તૈયાર છું.

# આનંદો જરૂર, સાથે ચકાસી લો, તમારું શહેર કેટલું 'સ્માર્ટ સીટી'?

## કોઈ પણ શહેર માટે પાયાની સુવિધાઓ તો 'સ્માર્ટ' હોવી જ જોઈએ : સુવિધાઓ હોવી અને 'સ્માર્ટ' હોવી એ બંનેમાં ફર્ક થોડો પરંતુ તેની અસર મોટી હોય છે




ગાંધીનગર, તા.૨૫

તાજેતરમાં દેશના 'સ્માર્ટ શહેરો'નું લીસ્ટ જાહેર કરવામાં આવ્યું. જેમાં ગાંધીનગરનો નવમા ક્રમે સમાવેશ થતા શહેરમાં આનંદનું મોજું પ્રસરી જવા પામ્યું છે. શહેરમાં મહાનગરપાલિકા, પાટનગર યોજના, ગુડા સહિત કાર્યરત વિવિધ પ્રશાસન એકમોએ આ તબક્કે પોતાની પીઠ થાબડવાનું માંડી જયારે સ્વૈચ્છિક કે સામાજિક સંસ્થાઓ સહિત નાગરિકોએ એકબીજાને અભિનંદન પાઠવી હર્ષ વ્યકત કર્યો છે. સ્માર્ટ શહેરની યાદીમાં પોતાના શહેરનું નામ આવે તે ખરેખર આનંદની વાત કહેવાય અને તેનો ઉલ્લાસ જરૂર મનાવવો જોઈએ પરંતુ આ સાથે આપણું શહેર કેટલું 'સ્માર્ટ' બન્યું છે ને હજુ કેટલું 'સ્માર્ટ' બનાવવાનું બાકી છે તે પણ જોઈ લેવું એટલું જ અગત્યનું નથી લાગતું?

'સ્માર્ટ સીટી'નું ગુજરાતી કરવા જઈએ તો 'ચતુર શહેર' કહી શકાય તેવું શહેર 'સ્માર્ટ' સીટીમાં એવી કઈ ખૂબીઓ હોવી જોઈએ જેના કારણે તેને સ્માર્ટ કહી શકાય? કોઈપણ શહેર સ્માર્ટ હોય કે ના હોય પરંતુ કેટલીક પાયાની સુવિધાઓ તેમાં હોવી જરૂરી છે. આ સુવિધાઓમાં મુખ્યત્વે યોગ્ય રહેઠાણ પાણી, વિજળી, શિક્ષણ, રોડ-રસ્તા, પરિવહન, ગટર વ્યવસ્થા, સફાઈ, આરોગ્ય, સુરક્ષા, આકસ્મિક સેવાઓ, કલા-મનોરંજન, રમતગમત, વાણિજય, સંદેશા વ્યવહાર અને બાગ બગીચા સહિત પર્યાવરણની જાળવણી વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ રોજીંદા જીવનમાં જરુર પડતી સુવિધાઓ છે. આ ઉપરાંત બેંકિંગ જેવી સુવિધા પણ આજના યુગની તાતી જરૂરિયાત છે જયારે દેશ કેશલેસ ઈકોનોમી અપનાવી રહ્યો હોય ત્યારે તો નાણાંકીય વ્યવહારો વધુ સ્માર્ટ વધુ સુરક્ષિત હોવા અત્યંત આવશ્યક છે. આ સાથે તમામ કામકાજો બને તેટલા 'પેપરલેસ' હોવા એટલું જ અગત્યનું છે.

ગાંધીનગર એક એવું શહેર છે જયાં લગભગ દરેક નાગરિક બહારથી આવીને વસ્યો છે, તે પછી પોતાનું પેટિયું રળવા આવ્યો હોય કે પોતાના સંતાનના સારા શિક્ષણ માટે આવ્યો હોય. શિક્ષણને 'સ્માર્ટ' કયારે કહી શકાય? શાળા કોલજના વર્ગોમાં 'સ્ક્રીન એજયુકેશન'ની સુવિધા હોય ત્યારે કે ખીચોખીચ ભરેલા ઓરડામાં કેપેસીટી કરતા



દોઢી સંખ્યા ભરેલી હોય ત્યારે? શિક્ષકો બાળકને વ્યકિતગત રીતે ધ્યાન આપી ભણાવી શકતા હોય ત્યારે કે શાળામાં શિક્ષકોની સંખ્યા જ અપૂરતી હોય ત્યારે? રમતના મેદાન પર કોચની વ્યવસ્થા હોય ત્યારે કે પછી મેદાનના અભાવે વિદ્યાર્થીઓને મહેંદી-રંગોળી વગેરેમાં ભાગ લઈ મન વાળવા સમજાવાતી હોય ત્યારે? બીજી પાયાની જરૂરિયાત પાણીની છે. દરેક નાગરિકને પીવા માટે પુરતું શુધ્ધ નિર્મળ પાણી મળવું જોઈએ તે તેનો અધિકાર છે. સ્માર્ટ સીટીમાં વખતોવખત ડહોળુ પાણી આવવાની ફરિયાદો ચિંતાજનક છે. આ સાથે પાણીનું સમયાનુસાર કલોરિનેશન પણ યોગ્ય માત્રામાં હોવું જરૂરી છે. પાણી સાથે વિજળી પણ આવશ્યક જરૂરિયાત છે. વારંવાર વિજળી ગુલ થવી, વિજળીના થાંભલા જોખમી હાલમાં હોવા, શહેરના અનેક માર્ગો પર વિજળીના અભાવે મહિલાઓને પસાર થવું જોખમી બનતું હોય તથા સરકારી કાર્યાલયોમાં સતત બિનજરૂરી રીતે લાઈટ, એસી-પંખા ચાલુ રહેવાને કારણે વિજળીનો ભયંકર વેડફાટ થતો હોય તે સ્માર્ટ સીટી માટે બંધબેસતી વાત નથી.

સ્માર્ટ સીટીમાં દરેક નાગરિકને રહેઠાણની સુવિધા તો અપેક્ષિત જ છે, વળી આ રહેઠાણ સુરક્ષિત, છતમાંથી પોપડા કે આખે આખા સ્લેબ પડવાનું જોખમ તોળાતું ના હોય તેવા, ઠંડી-તાપ-વરસાદથી રક્ષણ પુરું પાડે તેવા હોવા એ પ્રાથમિક શરત કહી શકાય, સ્માર્ટ સીટીમાં પણ જો નાગરિકો ઝુંપડપટ્ટીમાં વસવાટ કરતા હોય તો એ બાબત પણ અકળાવનારી જરૂર લાગે. રહેઠાણની સાથે યોગ્ય ગટર વ્યવસ્થા જેમાં ગંદા પાણીના નિકાલ સાથે તેની સાફસફાઈ માટે કાર્યરત કર્મચારીઓ સુરક્ષિત કામ કરી શકે તેવી વ્યવસ્થા તથા આ ગટરના ઢાંકણા વાહનચાલકો માટે 'મોતના કુવા' સમાન ના બને તેવા જરૂર હોવા જોઈએ. વળી, આ સાથે ગંદા પાણીને રિસાઈકલ કરી ઉપયોગ યોગ્ય બનાવી પાણીની બચત કરી શકાય તો તે જરૂર સમાર્ટનેસ કહેવાય.

આવી જ સ્માર્ટનેસ વાહન વ્યવહારમાં હોવી જોઈએ જેમાં ખાનગી સાથે સરકારી વાહનો પણ બેફામ ધુમાડો છોડતા ના હોય. ઓટો રીક્ષા, ટેક્ષી જેવા જાહેર સેવાના વાહનો યોગ્ય મીટરથી ચાલતા હોય તથા ગમે તે સમયે નાગરિકને સુરક્ષિત વાહનની સગવડ મળી રહેવી જોઈએ. વળી, વાહન વ્યવહાર માટે રોડ પણ એટલા જ સ્માર્ટ હોવા જરૂરી છે. જેના પર ટ્રાફિકના યોગ્ય ચિહ્નો પ્રદર્શિત કર્યા હોય તથા તેનું બધા પાલન પણ કરતા હોય. પૂરતી પાર્કિંગ વ્યવસ્થા હોય તથા શહેરમાં મોટા સરકારી કાર્યક્રમો કે જાહેર મેળાવડા-ઉત્સવો સમયે આડેધડ પાર્કિંગની સમસ્યા નડતી ના હોય કે વીઆઈપી વાહનોના કારણે સામાન્ય વાહનચાલકને પરેશાનીનો ભોગ બનવું પડતું ના હોય. ઉપરોકત તમામ સુવિધાઓ સ્માર્ટ હોય તેની સાથે નાગરિકોને યોગ્ય સુરક્ષા મળી રહે, પોલીસનું વર્તન એટલું માનવીય હોય કે મહિલા પણ બેધડક પોલીસ પાસે મદદ માટે જઈ શકે. સાથે ગુનેગારોમાં પોલીસનો 'ડર' હોય અને પોલીસ માટે વીઆઈપી કે સામાન્ય નાગરિક સમાન હોય તે અત્યંત આવશ્યક છે. આ ઉપરાંત આરોગ્ય સેવાઓ દરેકને પરવડે તે રીતે અને દવાઓ સહિત તે ૨૪ કલાક ઉપલબ્ધ હોય નહિ કે છ માસ સુધી સીટી સ્કેન મશીન બંધ હોય તેવી સ્થિતિ હોય. આવશ્યક સેવાઓ ઉપરાંત મનોરંજન, રમતગમત અને પર્યાવરણની જાળવણી વગેરે એટલી જ મહત્વની છે. જો આ તમામ સુવિધાઓ સારી રીતે પ્રાપ્ત હોય તો સાચા અર્થમાં તે શહેર સ્માર્ટ કહી શકાય, માટે તંત્રએ તથા નાગરિકોએ આ પ્રસંગે જરા ચકાસી લેવું ઘટે. સ્માર્ટ ગાંધીનગર માટે સૌને અભિનંદન.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com